# સુરત મહાનગરપાલિકા

## ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ

### સુ ચ ના

સુરત મહાનગરપાલિકાની **ગૃહનિર્માણ** અને ઉદ્યાન **સમિતિની** એક સભા **તા.૧૫–૦૩–૨૦૨૫** ના રોજ સવારના ૧૧–૩૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભાખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૧. મ્યુ.ક.શ્રીનો તા.૭–૩–૨૦૨૫ નો પત્ર, ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડન, સરથાણા–નેચરપાર્ક (પ્રાણી સંગ્રહાલય) ધ્વારા દરખાસ્ત સાથે સામેલ પત્રક–અ માં જણાવેલ કુલ–૨ કામો અંગે કુલ રૂા.૧૦,૬૬,૯૬૦–૩૨ અને પત્રક–બ માં જણાવેલ કુલ–૫ કામો અંગે કુલ રૂા.૪,૬૩,૪૧૦/– ના થયેલ ખર્ચની એકટની કલમ ૭૩(ડી) હેઠળ જાણ લેવા તથા પત્રક–બ માં જણાવેલ કામો અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા બાબત.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૮–૧૦–૨૦૨૪ નો પત્ર, Horticultural Maintenance of 09 (Nine) Shantikunj and other small gardens in South West Zone (3rd Attempt) ના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર ધ્યાનેશ્વર એસ. પાટીલને પ્રતિમાસ રૂા.૪૫,૦૦૦/– મુજબ ૩૬ (છત્રીસ) માસ માટે કુલ રૂા.૧૬,૨૦,૦૦૦/– ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૩૦–૧–૨૦૨૫ નો પત્ર, Horticultural Maintenance in aquarium garden for a period of 36 months at Jagdishchandra Bose Municipal Aqarium કરવાના કામે બીજા પ્રયત્ને આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલીફાઈ થયેલ નીચા ભાવના એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર ઓમ એન્ટરપ્રાઈઝને પ્રતિમાસ રૂા.૪૧,૭૨૩/– મુજબ ૩૬ (છત્રીસ) માસ માટે કુલ રૂા.૧૫,૦૨,૦૨૮/– ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૧–૨૦૨૫ નો પત્ર, પૂર્વ ઝોન (સરથાણા) માં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક), ફા.પ્લોટ નં.૮૯ માં ગાર્ડનના હેતુના અનામત પ્લોટમાં ગાર્ડન ડેવલપ કરવાના કામે વિવિધ સિવિલ, હોર્ટીકલ્ચર તેમજ ઈલેકટ્રીક કામને લગતા કન્સોલીડેટેડના કામના રૂા.૬૮,૦૪,૭૦૦/– ના નેટ તથા રૂા.૮૬,૦૦,૦૦૦/– (૧૮% જી.એસ.ટી. + અન્ય લાગુ ચાર્જીસ સહિત) ના ગ્રોસ અંદાજ મંજુર કરવા તેમજ સદર આયોજનમાં દર્શાવેલ સ્થળસ્થિતિ, માપ, આકાર તથા ક્ષેત્રફળ માન્ય રાખવા તેમજ ગાર્ડનના હેતુસરનો ઉપયોગ કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૫. મ્યુ.ક.શ્રીનો તા.૫–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઝોન–બી (કનકપુર), મોજે : કનસાડ, સર્વે નં./બ્લોક નં.૬૯૧ અને ૪૨૬ માં તળાવ ડેવલપમેન્ટ કરવાના કામે વિવિધ સિવિલ, હોર્ટીકલ્ચર તેમજ ઈલેકટ્રીફીકેશનને લગતા કન્સોલીડેટેડ કામના રૂા.૮,૫૫,૧૩,૭૦૦/– (જી.એસ.ટી. સહિત) ના નેટ તથા રૂા.૯,૧૫,૮૬,૦૦૦/– (જી.એસ.ટી. સહિત) ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૦–૩–૨૦૨૫ નો પત્ર, પૂર્વ ઝોન–એ, ટી.પી. સ્કીમ નં.૩૪ (મગોબ–ડુંભાલ), ફા.પ્લોટ નં.૬૧ ખાતે આવેલ પૃષ્ટિ ગાર્ડનને રીડેવલપ કરવાના રૂા.૩,૭૪,૯૮,૮૦૦/– (જી.એસ.ટી. સહિત) ના નેટ તથા રૂા.૪,૦૧,૬૨,૦૦૦/– (જી.એસ.ટી. સહિત) ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

આ દે શ થી,

ઈ.ચા. મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૨–૦૩–૨૦૨૫

*A. K. DESAI*